Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-4, March-2023
www.researchguru.net

# ગાંધીજી અને અસહકારની ચળવળ

ડો. કિરણ. એસ. વાડોદરિયા
આસિ. પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ધર્મેન્દ્રસિંહજી વિનયન કોલેજ, રાજકોટ.

➢ **પ્રસ્તાવના :**

આઝાદીની લડતમાં ઈ.સ. ૧૯૨૦નું વર્ષ એક નવું સોપાન ઉમેરે છે. કોંગ્રેસે મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ઈ.સ. ૧૯૨૦માં અસહકાર ચળવળ શરૂ કરવાનો નિર્ણય કર્યો. જે મહત્વનું પગલુ હતું. પ્રથમ વિશ્વયુધ્ધ દરમ્યાન અંગ્રેજોએ આપેલા જૂઠા વચનો, હિંસાત્મક વલણ, વગેરેને કારણે બ્રિટીશ સરકારની ખુલ્લી પડેલી નીતિ સામે પ્રજામાં વ્યાપેલા અસંતોષને અસહકારની ચળવળમાં ફેરવી નાખવાનું મહત્ત્વનું કાર્ય ગાંધીજીએ કર્યું. ત્યારથી રાષ્ટ્રીય આંદોલનમાં જાણે કે નવો પ્રાણ પુરાયો. આમ અસહકારની ચળવળને લીધે નવી દિશા પ્રાપ્ત થઈ હતી. જેના માટે કેટલાક કારણો જવાબદાર હતા જે આ મુજબ છે.

➢ **અસહકાર ચળવળ માટેના કારણો :-**

1. **યુધ્ધોતર ભારતમાં અસંતોષ :-**

પ્રથમ વિશ્વયુધ્ધ દરમ્યાન બ્રિટને જાહેરાત કરી હતી કે તે પ્રજાતંત્રની રક્ષા માટે યુધ્ધ લડે છે. અને આત્મનિર્ણયના સિધ્ધાંતનો સ્વીકાર કરે છે. આ યુધ્ધમાં ભારત બ્રિટન પક્ષે હતું. યુધ્ધમાં ભારતીય પ્રજાએ તન મન ધનથી બ્રિટનને મદદ કરી હતી. યુધ્ધ પુરૂ થયા પછી પ્રજાને આશા હતી કે યુધ્ધ સમયે કરેલી જાહેરાત પ્રમાણે બ્રિટન ભારતને સ્વશાસન આપશે પરંતુ તે આપ્યું નહીં. વળી યુધ્ધ દરમ્યાન ભારત સરકારને ખૂબજ આર્થિક ખર્ચ થયો હતો. તેને કારણે આર્થિક સ્થિતિ કથળી હતી. યુધ્ધ પછી વસ્તુઓની કિંમત વધવા માંડી હતી પ્રજા ઉપર કરનું ભારણ નાખવામાં આવ્યું હતું. સામાન્ય પ્રજાને માટે જીવન નિર્વાહ કરવો અત્યંત મુશ્કેલ બન્યો હતો. સાથે સાથે દેશના કેટલાંક ભાગમાં દુષ્કાળ અને પ્લેગનો પ્રકોપ ફેલાયો હતો જેમાં ઘણી જાનહાની થઈ હતી. પરંતુ સરકાર દ્વારા કોઈ પણ પ્રકારના રાહતના પગલા લેવાયા નહોતા. આમ યુધ્ધોતર ભારતમાં અસંતોષ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો.

2. **સરકારનું દમનચક્ર :-**

**એક બાજુથી બ્રિટીશ સરકાર પ્રજાને રાજનૈતિક સુધારાનું આશ્વાસન દેતી હતી તો બીજી બાજુ રાષ્ટ્રીય આંદોલનને કચડી નાખવા પ્રયત્નશીલ બની હતી. ક્રાંતિકારીઓને ફાંસી, કાળાપાણીની સજા, જેલવાસની સજા આપવામાં આવતી હતી તો સાથે સાથે હોમરુલ ચળવળને પણ નિર્મમતા પૂર્વક દબાવી દેવામાં આવી હતી,**

3. **હોમરૂલ ચળવળ :-**

**લોકમાન્યતિલક અને શ્રીમતી એનીબેસન્ટે ૧૯૧૬ માં હોમરૂલ ચળવળ શરૂ કરી હતી જેનો ઉદ્દેશ્ય હિન્દને સ્વરાજય અપાવવાનો હતો. આની પ્રાપ્તિ માટે લોકમાન્ય તિલક અને શ્રીમતી એની બેસન્ટે સહકારથી કાર્ય કર્યું હતું ઈ.સ. ૧૯૧૭ માં સમગ્ર ભારતમાં હોમરૂલ ચળ વળ પરાકષ્ટાએ પહોંચી ત્યારે સરકારે આ**

ચળવળને દબાવી દેવા કડક પગલા ભર્યા હતા. શ્રીમતીએનીબેસન્ટ તથા તેના અન્ય સાથીઓની ધરપકડ કરવામાં આવી હતી. તેમની મુકિત માટે તિલક અને સાથીઓએ ભારે આંદોલન ચલાવ્યુ હતું. સરકારના દમનથી આંદોલનને વેગ મળ્યો અને સમગ્ર દેશમાં બ્રિટીશ સરકાર સામેના અસંતોષની લહેર ફરી વળી હતી.

4. રોલેટ એકટ :-

પ્રથમ વિશ્વયુધ્ધ દરમ્યાન ભારતમાં ક્રાંતિકારીઓ સક્રિય હતા તેમને દબાવી દેવાના આશયથી અંગ્રેજોએ "ભારતીય સંરક્ષણ ધારો" પસાર કર્યો યુધ્ધ સમાપ્ત થતા આ ધારાની મુદત પણ સમાપ્ત થતી હતી. પરંતુ બ્રિટીશ સરકાર કોઈપણ બહાના હેઠળ આ ધારાને ચાલુ રાખવા માંગતી હતી આથી ઈ.સ. ૧૯૧૭ માં ભારત સરકારે મિસ્ટર રોલેટની અધ્યક્ષતામાં એક તપાસ કમીટીની રચના કરી જેણે ઈ.સ. ૧૯૧૯ માં પોતાનો અહેવાલ રજૂ કર્યો. જે મંજુર થતા "રોલેટ એકટ" ના નામથી પ્રસિધ્ધ બન્યો. આ કાયદા પ્રમાણે બ્રિટીશ સરકાર વોરંટ વિના કોઈપણ વ્યકિતની ભલે પછી તે દોષિત ન હોય છતાં કોઈ પણ જાતની જાણ કર્યા વિના તેને પકડી કેસ ચલાવ્યા વિના જેલમાં ધકેલી શકતી હતી. આ કાયદા દ્વારા ભારતીયોની સ્વતંત્રતા ઉપર અંકુશ મુકવામાં આવ્યો હતો. જેનો ચારે તરફથી વિરોધ થયો. ગાંધીજીને અંગ્રેજોની શુભનિષ્ઠા પરથી વિશ્વાસ ઉઠી ગયો. આ કાળાકાયદાના વિરોધમાં ગાંધીજીની આગેવાની નીચે સત્યાગ્રહ સભાની સ્થાપના કરવામાં આવી. ગાંધીજીએ રાષ્ટ્રવ્યાપી હડતાલની જાહેરાત કરી જે મુજબ તા. ૬ એપ્રિલ, ૧૯૧૯ ના રોજ રાષ્ટ્રવ્યાપી હડતાલ પડી અનેક સ્થળોએ સરઘસ કાઢવામાં આવ્યા, દિલ્હી, અમદાવાદ, લાહોરમાં તોફાનો થયા. પંજાબમાં તા. ૧૦ એપ્રિલ ૧૯૧૯ ના રોજ પંજાબના નેતાઓ ડો. સત્યપાલ અને ડો. કિચલુની ધરપકડ કરવામાં આવી. પરિણામે પ્રજાએ તેનો ઉગ્ર વિરોધ કર્યો. લાહોર અમૃતસરમાં સરઘસો નીકળ્યા. જેના ઉપર ગોળીબાર કરવામાં આવતા આંદોલન ઉગ્ર બન્યું. પરિણામે બ્રિટીશ સરકારે પંજાબમાં લશ્કરી કાયદો જાહેર કર્યો.

5. જલીયાવાલા બાગનો હત્યાકાંડ :

૧૧ એપ્રિલ, ૧૯૧૯ ના રોજ કમાન્ડર જનરલ માઈકલ ઓ ડાયરે લશ્કર સાથે અમૃતસરનો કબજો લીધો અને સાર્વજનિક સભાઓ ઉપર પ્રતિબંધ જાહેર કર્યો. પરંતુ અમૃતસરના લોકોને તેની જાણ નહોતી. આથી તા.૧૩ એપ્રિલ, ૧૯૧૯ ના રોજ જલીયાવાલા બાગમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નિઃશસ્ત્ર સ્ત્રી, પુરુષો, બાળકો, વૃધ્ધો હતા. સભામાં તેમને વિખેરાઈ જવાની ચેતવણી આપ્યા વિનાજ જનરલ ડાયરે તથા સૈનિકોએ બાગને ઘેરી લીધો. અને સભામાં હાજર લોકો ઉપર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. પરિણામે કેટલાય લોકો મૃત્યુ પામ્યા. કેટલાય ગંભીર રીતે ઘાયલ થયા. હત્યાકાંડની તપાસ કરવા માટે હંટર કમીટીની નિમણુંક કરવામાં આવી. આ કમીટીએ પણ જનરલ ડાયરના કૃત્યનો બચાવ કર્યો. આ બનાવની સમગ્ર ભારતમાં ઘેરી અસર પડી હતી. રવિન્દ્રનાથ ટાગોરે પોતાને મળેલ "નાઈટહૂડ" નો ખિતાબ

સરકારને પાછો આપી દીધો. બ્રિટનમાં જનરલ ડાયરના કાર્યની પ્રશંસાના ગીતો ગવાયા. તેને માન રૂપે તલવાર તથા બે હજાર પાઉન્ડ ભેટ આપવામાં આવ્યા.

6. ખિલાફત ચળવળ :-

તુર્કીનો રાજા મુસલમાનોના ખલીફા હતા. પ્રથમ વિશ્વયુધ્ધમાં તુર્કી બ્રિટન વિરૂધ્ધ લડતું હતું. આ સમયે ભારતના મુસલમાનોએ યુધ્ધમાં અંગ્રેજોને એ શરતે સહકાર આપ્યો હતો કે તુર્કી યુધ્ધમાં હારે તો પણ તેના ટુકડા નહીં કરવામાં આવે તથા ખલીફાની શકિતઓ સમાપ્ત કરવામાં નહી આવે પરંતુ યુધ્ધ સમાપ્ત થયા પછી અંગ્રેજોએ પોતે આપેલા વચનોનું પાલન કર્યુ નહીં અને મુસ્લીમ ખિલાફતનો અંત લાવવા પ્રયત્નો કર્યા. આથી ભારતના મુસલમાનોમા અંગ્રેજો પ્રત્યે રોષની લાગણી જન્મી હતી. ખલીફાને સર્વનાશથી બચાવવા ખિલાફત ચળવળ શરૂ કરી જેને ગાંધીજીએ ટેકો આપ્યો. આ અવસરને ગાંધીજીએ હિન્દુ મુસ્લીમ એકતા માટે આશિર્વાદ રૂપ સમજી તા. ૨૪ નવેમ્બર, ૧૯૧૯ ના રોજ ખિલાફત સંમેલન બોલાવ્યું અને ચળ વળની શરૂઆત કરી. ગાંધીજીની સલાહથી મુસલમાનોનું એક પ્રતિનિધિ મંડળ વાઈસરોયને મળ્યું પરંતુ તા. ૧૦ ઓગષ્ટ, ૧૯૨૦ ના રોજ સેવર્સની સંધિ દ્વારા તુર્કીના ટુકડા કરવામાં આવ્યા અને ત્યાંના રાજાને કેદ કરવામાં આવ્યા. આનાથી મુસલમાનોને ખુબજ દુઃખ થયું તેઓએ ગાંધીજી સાથે બ્રિટીશ સરકાર સામે અસહયોગની નીતિ અપનાવી.

➢ અસહકાર ચળવળની જાહેરાત :-

પંજાબ હત્યાકાંડ તથા ખિલાફતના પ્રશ્ને હિન્દના તમામ વર્ગના લોકોમાં બ્રિટીશ શાસન પ્રત્યે અસંતોષ ઉગ્ર બન્યો હતો. આથી કોંગ્રેસે ગાંધીજીના નેતૃત્વ નીચે ઈ.સ. ૧૯૨૦ માં અસહકાર ચળવળ શરૂ કરવાનો નિર્ણય કર્યો. સપ્ટેમ્બર ૧૯૨૦ માં કલકતા મુકામે કોંગ્રેસનું ખાસ અધિવેશન બોલાવવામાં આવ્યું. જેમાં મહાત્મા ગાંધીએ એક પ્રસ્તાવ મુકયો. જેમાં કહેવામાં આવ્યું હતું કે "બ્રિટીશ સરકારે ખિલાફત પ્રશ્ને આપેલા વચનોનું પાલન કર્યુ નથી. પંજાબના નિદોર્ષ લોકોની હત્યા કરનાર અધિકારીઓને શિક્ષા કરવાના બદલે તેમની જંગાલિયત ભરી કામગીરીને બિરદાવી છે. આથી કોંગ્રેસ એ વિચારે છે કે ભવિષ્યમાં આવી ભુલોનું પુનરાવર્તન ન થાય તથા રાષ્ટ્રીય સન્માન પ્રદર્શીત કરવા માટે પ્રભાવશાળી ઉપાય એ છે કે સ્વરાજયની સ્થાપના કરવામાં આવે" જો કે આ પ્રસ્તાવનો સી.આર.દાસ, બી.સી.પાલ, એનીબેસન્ટ, માલવીયાજી વગેરેએ વિરોધ કર્યો છતાં બહુમતીથી પસાર કરવામાં આવ્યો. ડીસેમ્બર ૧૯૨૦ મા નાગપુર મુકામે કોંગ્રેસનું અધિવેશન મળ્યું. જેમાં આ પ્રસ્તાવને પુનઃબહુમતીથી મંજુર કરવામાં આવ્યો અને જાહેર કરવામાં આવ્યું કે "કોંગ્રેસનું ધ્યેય સ્વરાજય છે સ્વશાસન નહીં."

➢ અસહકાર ચળવળનો કાર્યક્રમ :-

અસહકાર ચળવળના કાર્યક્રમો નકકી કરવામાં આવ્યા. જેના બે પાસા હતા. (૧) રચનાત્મક (૨) અસહકાર. રચનાત્મક પાસામાં રાષ્ટ્રીય શિક્ષણ આપતી શાળા કોલેજો વિદ્યાપીઠોની સ્થાપના કરવી,

સ્વદેશી ચીજવસ્તુ તથા ખાદીને ઉતેજન, દારૂબંધી અસ્પૃશ્યતા નિવારણ, હિન્દુ મુસ્લીમ એકતા, રાષ્ટ્રભાષાનો પ્રચાર, જયારે અસહકાર પાસામાં સરકારી ખિતાબો, હોદાઓનો ત્યાગ, સરકારી સમારંભોનો ત્યાગ, સ્થાનિક સ્વશાસન, સંસ્થાઓના હોદા પરથી રાજીનામા, અંગ્રેજી શિક્ષણ આપતી શાળા કોલેજો, સરકારી અદાલતો, ધારાસભાઓ વગેરેનો બહિષ્કાર ચુંટણીઓનો બહિષ્કાર વગેરે મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ નકકી કરવામાં આવ્યા.

અસહકારના આ કાર્યક્રમને હિંદની પ્રજાના તમામ વર્ગોએ ઉત્સાહભેર વધાવી લીધો. સરકારી શાળા કોલેજોનો ત્યાગ કરવામાં આવ્યો. તેના બદલે કાશી વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાપીઠ, બિહાર વિધાપીઠ, દિલ્હીમાં જામીયા મિલિયા વિદ્યાપીઠ, લાહોરમાં નેશનલ કોલેજ વગેરેની સ્થાપના કરવામાં આવી. ગાંધીજીએ “કૈસરે હિન્દ” નો ખિતાબ છોડયો. શ્રી બજાજ શેઠે "રાય બહાદુર" ના પદનો ત્યાગ કર્યો. રાજેન્દ્રપ્રસાદ, મોતીલાલ નહેરૂ વગેરેએ વકીલાત છોડી દેશ સેવા કરવાનું નકકી કર્યું. શેઠ જમનાદાસ બજાજે વકીલોના નિભાવ માટે ૧ લાખ રૂા. આપ્યા. વિદેશી વસ્તુઓની ઠેર ઠેર હોળી કરવામાં આવી. હજારો રેંટીયા ગુંજતા થયા લોકોએ ખાદી પહેરવાનું શરૂ કર્યું. તિલક સ્વરાજય ફંડમાં ઘણું ધન એકઠું થયું. હિન્દુ મુસ્લીમ એકતાના દર્શન થયા. અસ્પૃશ્યતા નિવારણ પ્રવૃતિ વેગવાન બની.

ઈ.સ. ૧૯૧૯ ના સુધારાના ઉદઘાટન પ્રસંગે ડયુક ઓફ કોનોટ જયાં જયાં ગયા ત્યાં ત્યાં હડતાલો પાડવામાં આવી. ઈ.સ. ૧૯૨૧ માં પ્રિન્સ ઓફ વેલ્સ ભારત આવ્યા ત્યારે કોંગ્રેસ દ્વારા તેના સ્વાગત સમારંભોનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાયો અને તેના મુંબઈ આગમન સમયે હડતાલો પાડવામાં આવી. આથી ગાંધીજી સિવાયના કોંગ્રેસના ઘણા નેતાઓની ધરપકડ કરવામાં આવી.

ઈ.સ. ૧૯૨૧ માં અમદાવાદ મુકામે કોંગ્રેસનું અધિવેશન મળ્યું તેમાં એ નિર્ણય લેવાયો કે અસહકાર આંદોલનને વેગ આપવામાં આવે. સરકારની દમનનીતિના વિરોધમાં સામુહિક સત્યાગ્રહનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ગાંધીજીને તેના કર્તાહર્તા બનાવવામાં આવ્યા.

➢ **સર્વપક્ષીય સંમેલન** :-

તા. ૧૪ ફેબ્રુઆરીથી ૧૬ ફેબ્રુઆરી ૧૯૨૨ સુધી મુંબઈ મુકામે સર્વપક્ષીય સંમેલન બોલાવવામાં આવ્યું. જેમાં અમદાવાદ મુકામે કોંગ્રેસના અધિવેશનમાં જે નિર્ણયો લેવાયા હતાં તે અંગે ચર્ચાઓ થઈ. જેમાં અસહકાર આંદોલનમાં પકડાયેલા લોકોને કેદખાનામાંથી મુકત કરવા, ખિલાફત, પંજાબ હત્યાકાંડ અને સ્વરાજયના હેતુ માટે સરકાર ગોળમેજી પરિષદ બોલાવે પરંતુ સરકારે આ શરતોને માન્ય રાખી નહી. આથી ગાંધીજીએ વાઈસરોયને પત્ર ધ્વારા ઉપરોકત માંગણી સ્વીકારવાનું જણાવ્યું અને તે માટે સાત દિવસની મુદત આપી અને ચેતવણી આપી કે જો માંગણી સ્વીકારવામાં નહી આવે તો સરકાર વિરુધ્ધ બારડોલી મુકામે આંદોલન કરવામાં આવશે. જેના માટેની બધી તૈયારીઓ કરી લેવામાં આવી

હતી. પરંતુ એ પહેલાજ એક ભંયકર બનાવ બન્યો.

➢ **ચૌરાચોરીનો બનાવ અને ચળવળ મોકુફ** :-

તા.૪ ફેબ્રુઆરી, ૧૯૨૨ રોજ ઉતરપ્રદેશના ગોરખપુર જિલ્લાનાં **ચૌરાચોરી** ગામે નીકળેલા સરઘસને અટકાવવામાં આવતા વિફરેલી પ્રજાએ પોલીસચોકીમાં જઈ આગ લગાવી. જેમાં ૨૧ પોલીસો તથા ૧ પોલિસ ઈન્સ્પેકટર બળી મર્યા. આ હિંસાત્મક ઘટનાની જાણ જયારે ગાંધીજીને થઈ ત્યારે તેને ઘણુ દુ:ખ થયું અને તુરત જ અસહકારની ચળવળ સમેટી લેવાની જાહેરાત કરી અને અસહકારનું શસ્ત્ર આપવામાં પોતે "હિમાલય જેવડી ભુલ કરી છે" તેવું લાગ્યું. ગાંધીજીએ ચળવળ પાછી ખેંચી લેતા ચિતરંજનદાસ, મોતીલાલ નહેરૂ, લાલા લજપતરાય વગેરે નેતાઓએ વિરોધ કર્યો. સરકારે ગાંધીજીની તા. ૧૩ માર્ચ ૧૯૨૨ ના રોજ ધરપકડ કરી ૬ વર્ષની કારાવાસની સજા કરી. પરંતુ ગાંધીજીની બિમારીને કારણે ૨ વર્ષમાં છોડી મુકવામાં આવ્યા.

જો કે આંદોલન અચાનક સ્થગિત થતા તેના મુળ ઉદ્દેશ્ય "સ્વરાજય પ્રાપ્તી" માં સફળતા મળી નહીં. પ્રજામાં અસંતોષ અને નિરાશાની લહેર ફરી વળી. જો કે જવાહરલાલ નહેરુના મતે "જો આંદોલન હિંસાત્મક તથા રકતપાતના માર્ગ ચાલ્યું હોત તો સરકારની જીત નિશ્ચિત હતી. આમ ગાંધીજીએ યોગ્ય સમયે આંદોલન સ્થગિત કર્યું હતું."

➢ **પરિણામો** :-

અસહકારનું આંદોલન અચાનક સ્થગિત કરવામાં આવ્યું જેના લીધે સ્વરાજય પ્રાપ્ત કરવાનો મુળ હેતુ સફળ થઈ શકયો નહીં. આના લીધે પ્રજામાં અસંતોષ અને નિરાશા ફેલાઈ હતી. છતાં તેના પરિણામો ઘણા સારા આવ્યા જેમ કે :

(૧) સ્વદેશી પ્રચાર અને વિદેશી વસ્તુઓના બહિષ્કારના કાર્યક્રમે બ્રિટનની અર્થવ્યવસ્થા ઉપર સીધી અસર કરી. ભારતમાં સ્વદેશી વસ્તુઓ પ્રત્યે પ્રેમ જાગૃત થયો. ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન મળ્યુ, બ્રિટનના લેંક શાયર અને માનચેસ્ટરની મિલો બંધ પડી. આથી ત્યાના મજુરોએ પોતાની રોજીરોટી માટે બ્રિટીશ સરકારને દબાણ કર્યુ કે ભારતની માંગણીઓ સ્વીકારવી જોઈએ. ટૂંકમાં એમ કહી શકાય કે "જે રાગને ગાંધીજીએ ભારતમાં છેડયો તેનો પડઘો લંડનમાં પડયો".

(૨) દેશમાં રાષ્ટ્રીય એકતાની ભાવનાનો વિકાસ થયો. સમગ્ર દેશમાં માતૃભૂમિને ગુલામીમાંથી મુકત કરાવવા માટે સંકલ્પ કરવામાં આવ્યો. હિન્દુ મુસ્લીમ એકતાનું આ ગૌરવપૂર્ણ પૃષ્ઠ કહી શકાય.

(3) આ આંદોલને ભારતીયોની આંખો ખોલી નાખી હતી. સરકારી અધિકારીઓ તથા તેના અત્યાચારો પ્રત્યે પ્રજાના દિલમાંથી ભય નીકળી ગયો. એ સિવાય આ પહેલુ જન આંદોલન હતું જેમાં બધા સંપ્રદાયો અને પ્રાંતોના લોકો કોંગ્રેસના ધ્વજનીચે ઉભા રહી બ્રિટીશ સામ્રાજયની વિરૂઘ્ધમાં સંઘર્ષ કરવા માટે એક અવાજે એકઠા થયા.

(4) આ આંદોલનમાં સરકારે જેવી રીતે દમનનો કોરડો વિંઝ્યો હતો. તેની વિદેશોમાં

ટીકા થઈ અને વિશ્વના અનેક દેશોમાંથી કોંગ્રેસને પ્રતિક સમર્થન મળવા માંડયું. ટૂંકમાં આ આંદોલનને પરિણામે દેશમાં રાષ્ટ્રીયતાની ભાવના વધુ પ્રમાણમાં બળવાન બની.

➢ **ઉપસંહાર** :-

અસહકાર આંદોલનને સંપૂર્ણ પણે અસફળ કે મહત્વહીન કહી શકાય નહીં. આ આંદોલનને લીધે સામાન્યમાં સામાન્ય ભારતીય આઝાદી મેળવવા ઉત્સુક બન્યો હતો. કુપલેન્ડના મતાનુસાર "તિલક જે ન કરી શકયા તે ગાંધીજીએ કરી બતાવ્યું." અસહકાર આંદોલનથી પ્રજાનો આત્મવિશ્વાસ વધ્યો. બ્રિટીશ સરકારની તાકાતનો હવે પ્રજાને ડર રહયો નહીં. જેલનો ડર જતો રહયો, ગાંધીજીએ રાષ્ટ્રીય આંદોલનને માત્ર ક્રાંતિકારી નહીં. પરંતુ લોકપ્રિય બનાવી દીધું.

➢ **સંદર્ભસૂચિ** :-


૧. ભારતનો ઈતિહાસ (ઈ.સ. ૧૮૫૮ થી ૧૯૬૪) – ડો. પ્રફુલ્લા જે.રાવલ

૨. આધુનિક ભારતનો ઈતિહાસ, ભાગ - ૧ – ૨ – ડો.આર. કે. ધારૈયા

૩. ભારતનો ઈતિહાસ (ઈ.સ. ૧૮૧૮ થી ૧૮૮૫) – આર. જી.પરીખ

૪. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયા - પટેલ મંગુભાઈ આર.

૫. પ્રજાસત્તાક ભારતના પાંચ દાયકાનો ઈતિહાસ - સ્વ. એન. ડી. સેલત